જાહેર સાહસોએ વૈભવી ગાડીઓની ખરીદી નહીં કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃજનવ-૧૦૯૭-૧૭૮૩-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૧લી ઓક્ટોબર, ૧૯૯૭.

**પ રિ પ ત્ર :-**

રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો બોર્ડ/નિગમ તરફથી ઉંચી કિંમતની વૈભવી ગાડીઓ ખરીદવાની દરખાસ્તો સરકારને અવાર નવાર મળે છે. જાહેર સાહસો માટે ગાડીઓ ખરીદવા માટેની મહત્તમ કિંમતની મર્યાદા નક્કી કરવામાં આવેલ ન હોઇને તે અંગે હવે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.

સરકારી બોર્ડ/નિગમો માટે રૂપિયા પાંચ લાખથી વધુ કિંમતની કોઇ ગાડી ખરીદવી નહીં. એમ્બેસેડર, ૧૧૮ એનઈ, મારૂતિ ૧૦૦૦ (ઉત્પાદન બંધ થાય તો મારૂતિ એસ્ટીમ) સિવાય બીજી ગાડીઓ ખરીદવી નહીં.

રાજ્યના તમામ જાહેર સાહસો બોર્ડ/નિગમો દ્વારા આ સૂચનાઓનો ચૂસ્ત અમલ થાય તે જોવા સર્વે જાહેર સાહસ/બોર્ડ/નિગમોને તથા વહીવટી વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

Velibl

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અનિલ મુકીમ**
નાયબ સચિવ (જા.સા),
નાણા વિભાગ.

# એમ્પાવર્ડ કમિટિની ભલામણ પરત્વે હાથ ધરવાની કાર્યવાહી દર્શાવતું પત્રક.

| અ.નં. | મુદ્દાની વિગત. | એમ્પાવર્ડ કમિટિની ભલામણ | જે તે વહીવટી વિભાગ દ્વારા હાથ ધરવાની કાર્યવાહી. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| (૪) | પેશગીઓ. | જાહેર સાહસોમાં આપવામાં આવતી પેશગીઓ સરકારશ્રીના ધોરણે આપવામાં આવે તે જોવા કમિટિએ સૂચવ્યું. બીન વ્યાજુકી પેશગી આપવી નહી અને જે કિસ્સાઓમાં વ્યાજ લઈ પેશગીઓ આપવામાં આવે છે તે પેશગીઓનું વ્યાજ બજારને અનુરુપ તથા જે તે જાહેર સાહસને વ્યાજખાધ ન પડે તે રીતે પેશગીઓના વ્યાજ દર નક્કી કરવા કમિટિ ભલામણ કરે છે. | -- ઉપર મુજબ -- |
| (૫) | ગાડી-વાહન. | રાજય સરકારની સ્થાયી સૂચનાઓ મુજબ વાહનો ખરીદવા, પાત્રતા ધરાવનાર અધિકારીઓ સિવાય અન્ય કોઈ અધિકારીને ગાડીની ફાળવણી કરવી નહી કે ખરીદવી નહી તેવી કમિટિભલામણ કરે છે. વધુમાં જયાં જરૂરીયાત કરતા વધારે વાહન હોય તો તેવા વાહનો જીટીએસ ખાતે જમા કરાવવા. વાહનો રદબાતલ થતા, નવી ગાડીની ખરીદી કરવી નહી. તેને બદલે ભાડેથી વાહન રાખવા. જયારે ડ્રાયવરને સરપ્લસ કરીને અન્ય જગ્યાએ પતિનિયુક્તિના ધોરણે ફાળવવા કમિટિ ભલામણ કરે છે. | -- ઉપર મુજબ -- |
| (૬) | ફર્નિચર. | રાજયના જાહેર સાહસોમાં કરકસરના પગલાં રૂપે કિંમતી / વૈભવી / ખર્ચાળ ફર્નીચરની ખરીદી ટાળવા કમિટિએ સૂચન કર્યુ. પાત્રતા સિવાય કોઈ અધિકારીને નિવાસસ્થાને ફર્નીચર ફાળવવું નહી. ફર્નીચરની ખરીદી કરકસરયુક્ત કરવા તથા જુના ફર્નીચરને શક્ય હોય ત્યાંસુધી મરામત કરી ઉપયોગમાં લેવામાં આવે તેવી કમિટિ ભલામણ કરે છે. | -- ઉપર મુજબ -- |
| (૭) | ફોન / મોબાઈલ ફોન. | જાહેર સાહસોમાં આપવામાં આવેલ ફોન / મોબાઈલની વિશેષ સુવિધા તથા ખર્ચ અંગે રીવ્યુ કરવા તેમજ સરકારના ધારાધોરણ મુજબ આવી સવલત આપવા તથા જેઓને આવી સુવિધા મળવાપાત્ર નથી તેમની આપવામાં આવેલ સુવિધા પરત ખેંચી લેવા કમિટિ ભલામણ કરે છે. | -- ઉપર મુજબ -- |